અપીલ અરજી નં.૧૭ તા.૧૩–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નિખિલભાઈ બાબુભાઈ પટેલ
સામાવાળાઃ–૧. વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી
૨. ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોન

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિખિલભાઈ બાબુભાઈ પટેલની તા.૩–૩–૧૦ ની અરજીથી માંગેલ કતારગામ રે.સ. નં.૫૪૨/૧ ગ્રામ પંચાયતઘર નં.૯૦૪,૯૦૫ અને સીટી સર્વે નં. ૩૩૧ થી ૩૩૪ અંગે ૨૫–૨–૦૯ ના રોજ મંજુર કરેલ પ્લાન બાબતે મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૩–૪–૧૦ ની **SMC/FAP/** નં.૧૭/૨૦૧૦–૧૧

શ્રી નિખિલભાઈ બાબુભાઈ પટેલની તા.૩–૩–૧૦ ની અરજીથી માંગેલ માંગેલ કતારગામ રે.સ. નં.૫૪૨/૧ ગ્રામ પંચાયતઘર નં.૯૦૪,૯૦૫ અને સીટી સર્વે નં. ૩૩૧ થી ૩૩૪ અંગે ૨૫–૨–૦૯ ના રોજ મંજુર કરેલ પ્લાન બાબતે મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી બાબતે માહિતી બાબત આપેલ માહિતી ખોટી અને ગેરરસ્તે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૭ તા.૨૦–૪–૧૦ થી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારનેઅપીલ અરજીમાં મુળ અરજીની નકલ સામેલ કરેલ છે એવુ જણાવેલ પરંતુ સામેલ કરેલ નથી.મુળ અરજીની નકલ તથા ફીની વિગત રજુ કરવા તથા જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી નકલ તથા મળેલ માહિતી ખોટી છે તે અંગેના આધાર અને વાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વીઆઈડી/૧૭૬ તા.૨૭–૪–૧૦ થી સેન્ટ્રલઝોન તરફથી વીજીલન્સ વિભાગ અને કાર્યપાલક ઈજનેર (કતારગામઝોન)ને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૭૫૪ તા.૮–૩–૧૦ ના તબદીલ થયેલ પત્રની નકલ,અરજદારની મુળ અરજીની નકલ, કતારગામઝોન તરફથી વીજીલન્સ અધિકારીને પાઠવેલ પત્ર નં.નોર્થઝોન/આ.નં.૮૨૮૪ તા.૨૬–૨–૧૦ ના પત્રની નકલ, નોર્થઝોન/આ.નં.૧૫૬૬ તા.૧૨–૬–૦૯ ના પત્રની નકલ, નોર્થઝોન તરફથી આંન.૮૭૧૮ તા.૧૮–૩–૧૦ ના પત્રની નકલ, વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર તરફથી કાર્યપાલક ઈજનેર કતારગામઝોનને પાઠવેલ પત્ર નં.વીઆઈડી/૧૭૫૬ તા.૧૧–૩–૧૦ ના પત્રની નકલ, નં.વીઆઈડી/૧૮૬૪ તા.૨૯–૩–૧૦ ના પત્રની નકલ, વીજીલન્સ ઓફિસર તરફથી અરજદારને આપેલ માહિતી પત્ર નં.વીઆઈડી/૧૩ તા.૧–૪–૧૦ ના પત્રની નકલ, તથા તેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, રસીદ નં.૩૬૯૯૪૨ તા.૮–૪–૧૦ ની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૭–૪–૧૦ ના રજૂઆત પત્રની નકલ, તા.૨૪–૧૨–૦૯ ના રોજ અરજદારે ઝોનલ ઓફિસર કતારગામઝોનને કરેલ અરજીની નકલ તથા તા.૭–૧–૧૦ ના રોજ રીમાઈન્ડર કરેલ નકલ, તા.૧૧–૧–૧૦ ના રોજ પુનઃ રીમાઈન્ડર કર્યાની નકલ, તા.૨૧–૧–૧૦ ના રોજ કરેલ રીમાઈન્ડરની નકલ, મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ પ્રત્યુત્તરની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૩–૩–૧૦ ની અરજીથી વીજીલન્સ ઓફિસરને સંબોધીને મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન મારફતે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૧૭૫૪ તા.૮–૩–૧૦ થી વીજીલન્સ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર કતારગામઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને વીજીલન્સ ઓફિસર તરફથી વીઆઈડી/૧૩ તા.૧–૪–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૧૩–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરી જરૂરી માહિતી આપેલ નથી નિર્ણય લેવામાં આવેલ નથી પ્રાથમિક તબકકે તપાસ ચાલુ છે જે વિગત ખોટી આપેલ છે તથા ગેરરસ્તે દોરનારી છે તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૭ તા.૨૦–૪–૧૦ થી પાઠવેલ પત્રના પ્રત્યુત્તરમાં તા.૨૭–૪–૧૦ ના પત્રથી રજૂઆત કરેલ છે. તેમજ અરજદારે મુળ અરજીની નકલ રજૂ કરેલ છે. પરંતુ ફી ભર્યાની વિગત રજૂ કરેલ નથી. અરજદારે તેમની તા.૩–૩–૧૦ ની અરજીથી કતારગામ રે.સ. નં.૫૪૨/૧ ગામ પંચાયતઘર નં.૯૦૪/૯૦૫ અને સીટી સર્વે નં.૩૩૧ થી ૩૩૪ ની મિલ્કતનો બાંધકામ પ્લાન તા.૨૫–૨–૦૯ ના રોજ મંજુર કરેલ છે જેમાં બાંધકામ મંજુર કરાવનારાએ માલીકી અંગે ખાતાને ગેરરસ્તે દોરી માલીકીની વિગતો છુપાવી પ્લાન મંજુર કરાવેલ છે. જે અંગેના મુદ્દાઓની માહિતી આપતી અરજીમાં મુદ્દા નં.૧ સદર મિલ્કતમાં બાંધકામ પ્લાનની માલીકીની વિગતો છુપાવી ખાતાને ગેરરસ્તે દોરાવી પ્લાન મંજુર કરાવેલ જેથી આપેલ રજાચિઠ્ઠી રદ કરવા તા.૨૪–૧૨–૦૯, તા.૭–૧–૦૯, તા.૧૧–૧–૦૯, તા.૨૧–૧–૦૯ ના રોજ પણ અરજી કરેલ છે જેની નકલ મોકલેલ છે. જે અંગે ખાતાએ શું કાર્યવાહી કરી શું ઈન્કવાયરી રીપોર્ટની નકલ કરી છે તેની નકલ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર તારીખોએ મળેલી અરજી સંદર્ભે વીજીલન્સ તરફથી તા.૨૫–૧–૧૦ થી નોર્થઝોનમાંથી માહિતી મંગાવતા ઝોન ધ્વારા તા.૨૬–૨–૧૦ ના પત્રથી મળેલી માહિતી મુજબ સદર પ્રશ્નવાળી મિલ્કતના પ્રશ્ને સક્ષમ સત્તા તરફથી નિર્ણય લેવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલ તબકકે બીજા ખાતા પાસેથી લીધેલી માહિતીની જરૂરીયાત નથી મારે ફકત ઉપરની તારીખ અંગે ખાતાએ કરેલ કાર્યવાહીની ઈન્કયવારીની નકલ માંગેલ છે જે પ્રશ્ન ૧ મુજબની માહિતી આપવી તેવું જણાવેલ છે.જે બાબતે કરેલી ઈન્કવાયરીની તા.૨૫–૧–૧૦ તથા તા.૨૬–૨–૧૦ ના પત્રની નકલ આપવાની રહે અથવાતો આરટીઆઈ કાયદાની કલમ–૮(ટ) હેઠળ ઈન્કાર કરવાનો રહે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ નિર્ણય લઈ તે મુજબની માહિતી પૂરી પાડવી રહે. મુદ્દા નં.૨ બાંધકામ માટે મહાનગરપાલિકામાં બાંધકામ પ્લાનો મંજુરી અંગે રજૂ કરવામાં આવે તો તેની અરજી ઉપર તમામ મિલ્કતના માલીકીની સહી કરાવવી જરૂરી છે? માલીકીની વિગતો છુપાવી તેઓની સહી સંમતિ મેળવ્યા વગર બાંધકામ પ્લાન રજુ થાય? જેમા જે માલિકની વિગત છુપાવી હોય તે અરજી કરી વાંધો લે તો પણ પ્લાન મંજુર થાય? મુદ્દા નં.૩. તા.૨૫–૨–૦૯ ના રોજ જે બાંધકામ પ્લાન મંજુર થયેલો છે જેમાં પ્લાનો મંજુર કરાવનારાઓએ માલીકીની વિગતો છુપાવી ખાતાને ગેરરસ્તે દોરી પ્લાન મંજુર કરાવેલછે. જે અંગેની (વાંધા અરજી પણ આપેલ છે) . જે અંગેની તમારી ઈન્કવાયરીમાં સ્પષ્ટ થયું છે? જો સ્પષ્ટ થયું ન હોય તો તેના પણ કરેલા રીપોર્ટની નકલ આપવા વિનંતી છે. અને જો સ્પષ્ટ થયું હોય તો તેમાં રીપોર્ટની નકલ આપવા વિનંતી છે.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી –ના– તા.૨૫–૨–૦૯ ના રોજ જે બાંધકામ પ્લાન મંજુર થયેલ છે જેમાં પ્લાન મંજુર કરાવનારાઓએ માલીકીની વિગતો છુપાવી ખાતાને ગેરરસ્તે દોરી પ્લાન મંજુર કરાવેલ છે જે અંગે સક્ષમ સત્તા ધ્વારા હાલ નિર્ણય લેવામાં આવેલ નથી જેથી રીપોર્ટની નકલ આપવાની રહેતી નથી. જેમાં અરજદારે અપીલ તબકકે સક્ષમ સત્તા ધ્વારા નિર્ણય લીધો કે ન લીધો તે વિગતની મારે જરૂર નથી આ મુદ્દામાં ઈન્કવાયરી રીપોર્ટમાં શું સ્પષ્ટ થયું છે અને તેના રીપોર્ટની નકલ માંગવામાં આવેલ. જે ઈન્કવાયરી ફાઈલમાંથી નકલ આપવા જણાવેલ છે જે મુજબ પ્રશ્ન નં.૨ ની માહિતી આપવા વિનંતી. જેમાં જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે કે નિર્ણય લેવામાં આવેલ નથી તો રીપોર્ટની નકલ આપવાની રહેતી નથી જે ઈન્કાર કરેલ છે. જે અંગે આરટીઆઈ કાયદાની કલમ–૮ (ટ)માં જોગવાઈ છે. મુદ્દા નં.૪. સદર મિલ્કતમાં બાંધકામ પ્લાન માલીકીની વિગતો

છુપાવી ખાતાને ગેરરસ્તે દોરી બાંધકામ પ્લાન મંજુર કરાવેલ છે જે તમારી ઈન્કવાયરી મુજબ આપેલ રજાચિઠ્ઠી રદ કરવા પાત્ર છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકાર તરફથી જે અંગે સક્ષમ સત્તા ધ્વારા હાલ નિર્ણય લેવામાં આવેલ નથી. જેમાં અરજદારે તમારી ઈન્કવાયરી મુજબ રજાચિઠ્ઠી રદ કરવા પાત્ર છે તે મુજબ જવાબ આપવામાં આવેલ છે. જે બાબતે સક્ષમ સત્તાનો નિર્ણય લેવામાં આવેલ નથી . જેથી કાયદાની કલમ–૮(ટ) હેઠળ ઈન્કારનું કારણ બનેછે મુદ્દા નં. ૫. સદર મિલ્કત બાબતે અમોએ આપશ્રી ઉદ્દેશીને તા.૨–૨–૧૦ ના રોજ (અરજીની નકલ સામેલ છે.) અરજી આપેલી જે અરજી અંગે આપના ધ્વારા ઈન્કવાયરી કરવામાં આવી છે. ઈન્કવાયરી કરેલ હોય તો તેના રીપોર્ટની નકલ આપવા વિનંતી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર અરજીની તપાસ પ્રાથમિક તબકકે હાલમાં ચાલુ છે જે અંગે અરજદારે અપીલ તબકકે અરજીની તપાસ પ્રાથમિક તબકકે તપાસ કરવામાં આવી છે તો તપાસ પ્રાથમિક તબકકે હોય તો તેના રીપોર્ટની નકલ માંગેલ છે પરંતુ જાહેર માહિતી અધિકારીએ તેમાં સ્પષ્ટ જણાવેલ છે પ્રાથમિક તબકકે તપાસ હાલમાં ચાલુ છે. ૬. સદર અરજી બાબતે આપશ્રી ઈન્કવાયરી કરેલ હોય તો છેવટે શું નિષ્કશ નિવેડો આપેલો છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર અરજીની તપાસ પ્રાથમિક તબકકે હાલમાં ચાલુ છે જે અંગે અરજદારે અપીલ તબકકે અરજીની ઈન્કવાયરી કરેલ હોય તો તેની નકલ માંગેલ છે પરંતુ જાહેર માહિતી અધિકારીએ તેમાં સ્પષ્ટ જણાવેલ છે પ્રાથમિક તબકકે તપાસ હાલમાં ચાલુ છે. ૭. આ અરજી અંગે આપની ઈન્કવાયરી મુજબ બાંધકામ પ્લાન રજુ કરનારાએ માલીકીની વિગતો છુપાવી ખાતાને ગેરરસ્તે દોરી પ્લાન મંજુર કરાવેલ હોય તો રજાચિઠ્ઠી રદ કરવા પાત્ર છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હાલમાં ઝોન લેવલે મિલ્કતની માલીકી અંગે તપાસની કાર્યવાહી ચાલુ હોય હાલ તે અંગે અભિપ્રાય આપી શકાય નહી. જે અંગે અરજદારે અપીલ તબકકે સદર વિગતો ખોટી છે અમે ઝોન લેવલનો કોઈ અભિપ્રાય માંગ્યો નથી આ વિકાસ ફકત ઈન્કવાયરીની અભિપ્રાયની હોય વીજીલન્સનો આપવાનો થાય છે. જે બાબતે વીજીલન્સ અધિકારી અને જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીમાં સ્પષ્ટ જણાવેલ છે કે મિલ્કતની માલીકી અંગે તપાસની કાર્યવાહી ચાલુ હોય હાલ તે અંગે અભિપ્રાય આપી શકાય નહીં તેવી માહિતી જણાવેલ છે. મુદ્દા નં.૮. સદર મિલ્કતમાં તા.૨૫–૨–૦૯ ના રોજ મંજુર થયેલા પ્લાન વિરુધ્ધનું બાંધકામ થયું છે. જેમાં નોર્થઝોન કતારગામ તા.૨૩–૪–૦૯ ના રોજ તોડવાની નોટીસ આપી કેટલુંક બાંધકામ તોડેલુ સંપૂર્ણ બાંધકામ કયા સંજોગોમાં તોડેલું નથી. તેની વિગતો આપવા વિનંતી. બાંધકામ સંપૂર્ણ નહિ તોડાવવા માટે કયા ખાતાની જવાબદારી થાય છે બાંધકામ કરનારાઓ પોતાની જાતે બાંધકામ દુર કરવા બાંહેધરી પત્ર લખી આપેલ ત્યાર બાદ તેનો અમલ નહી કરે તો બાંધકામના બધા નિયમોની અવગણના થતી હોય તો તા.૨૨–૨–૧૦ ના રોજ રજાચિઠ્ઠી રદ કરવા આપની ઈન્કવાયરી મુજબ પાત્ર થાય છે. તેવા પશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હાલમાં ઝોન લેવલે મિલ્કતની માલીકી અંગે તપાસની કાર્યવાહી ચાલુ હોય તે રજાચિઠ્ઠી અંગે અભિપ્રાય આપી શકાય નહીં. તે સિવાયની માહિતી ઝોનમથી મળી શકશે. જે અંગે અરજદારે અપીલ તબકકે તા.૨૫–૨–૦૯ ના રોજ ઈન્કવાયરી મુજબ રજાચિઠ્ઠી રદ કરવા પાત્ર છે તેની વિગતો માંગવામાં આવેલ છે. હાલ ઝોન અંગે માલીકી અંગે તપાસ કરેલી તપાસ ચાલુ હોય રજાચિઠ્ઠી આપી શકાય નહી તે સિવાયની માહિતી ઝોનમાંથી મળી શકશે તે ખોટી છે અમોએ ઈન્કવાયરી મુજબની વિગતો માંગી છે તે વિગતો મળી નથી. જેથી આ પત્ર મુજબ જવાબ આપવા વિનંતી. રજાચિઠ્ઠી રદ કરવા ઈન્કવાયરી મુજબ પાત્ર થાય જે વીજીલન્સ ઓફિસરે હાલમાં અભિપ્રાય આપી શકાય નહીં તેવું જણાવેલ છે. મુદ્દા નં.૯ આ મિલ્કતમાં તા.૨૫–૨–૦૯ ના રોજની રજાચિઠ્ઠી સ્થગિત તા.૪–૩–૦૯ ના રોજ કરી ખાતાએ ફરી તા.૧૫–૧–૦૯ ના રોજ બીજીવાર રજાચિઠ્ઠી સ્થગિત કરવાનો હુકમ કરેલો છે. બે વાર રજાચિઠ્ઠી સ્થગિત કરવાનો હુકમ કરેલો છે. આપની ઈન્કવાયરી મુજબ કાયદેસર છે? જો કાયદેસર ન હોય તો આપના ધ્વારા આ બાબતે શું કાર્યવાહી કરવાની થાય છે. (રજાચિઠ્ઠી સ્થગિત કર્યાનો તા.૪–૩–૦૯ તથા તા.૧૫–૧–૧૦ ના હુકમો સામેલ છે.) તા.૧૫–૧–૧૦ એન.ઝેડ/આ / ૭૧૧૦ રજાચિઠ્ઠી સ્થગિત કરતો પત્ર જેમાં સ્પષ્ટ જણાવેલ છે કે " પ્રશ્નવાળી મિલ્કતમાં માલીકી અંગે સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી સ્થળ પર યથાવત પરિસ્થિતિ જણાવી રાખવા તા.૨૫–૧–૧૦ ની રજાચિઠ્ઠી સ્થગિત કરવામાં આવે છે." આ પત્રમાં એકદમ સ્પષ્ટ થાય છે કે , મિલ્કતની માલીક સ્પષ્ટ થતી નથી. અમો પણ તેજ જણાવી રહયા છે કે , મિલ્કતની માલીકી બાબતે બાંધકામ કરનારાઓ ગેરરસ્તે દોરી ખાતાને માલીકીની વિગતો છુપાવી પ્લાનો મંજુર કરાવેલા છે. જેથી રજાચિઠ્ઠી રદ કરવા પાત્ર છે જે ખરુ છે? તે માટે આપની ઈન્કવાયરીમાં પણ તેવું ધ્યાને આવેલું છે? નોર્થઝોન ખાતાએ બે વાર રજાચિઠ્ઠી સ્થગિત કરતાં હુકમ કરેલા છે? ખાતાએ ખોટું કર્યુ છે ? જેની ઈન્કવાયરીની વિગતો આપવા વિનંતી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હાલના પ્રશ્ન વાળી મિલ્કતની માલીકી અંગેનો વિવાદ ચાલુ હોય રજાચિઠ્ઠી અંગે કોઈ અભિપ્રાય આપી શકાય નહીં તે સિવાયની માહિતી ઝોન માંથી મળી શકશે. જે અંગે અરજદારે અપીલ તબકકે રજાચિઠ્ઠી અંગેનો અભિપ્રાય આપી શકાય નહીં અને તે સિવાયની માહિતી ખોટી છે પ્રશ્ન બે વાર રજાચિઠ્ઠી સ્થગિત કરી છે જે કાયદેસર છે તેવી માહિતી માંગેલ છે. જે અંગે ઈન્કવાયરી રીપોર્ટ માંગેલ છે જે માહિતી ખોટી આપેલ છે તેવું જણાવેલ છે. ૧૦ રજાચિઠ્ઠી કયા કાયદા હેઠળ બે વાર સ્થગિત કરી છે કાયદાનું નામ તથા તેની કલમ જણાવવા વિનંતી છે. જેની કોઈ માહિતી અરજદારને અપાયેલ જણાતી નથી. મુદ્દા નં.૨ ની માહિતી પણ અરજદારને અપાયેલ જણાતી નથી. મુદ્દા નં.૮ અને ૯ અંગે ઝોનમાંથી માહિતી મળી શકે તેવું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. પરંતુ આંશિક તબદીલી કરેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૩–૩–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી વીજીલન્સે કરેલ કાર્યવાહી કે પત્ર વ્યવહારની અને મળેલ પ્રત્યુત્તરની માહિતી આરટીઆઈ એકટની કલમ –૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેથી જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા તથા મુદ્દા નં.૨ તેમજ ૧૦ તેમને સ્પર્શતા ન હોય તો તે તથા નં. ૮ અને ૯ આંશિક અંગે દિન–૫ માં જાહેર માહિતી અધિકારી નોર્થઝોનને તબદીલ કરવા જણાવવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારી નોર્થઝોનને સેન્ટ્રલઝોન ખાતેથી અરજી તબદીલ થયેલ છતાં તેમને સ્પર્શતા મુદ્દાની માહિતી આપેલ ન હોઈ હવે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અરજદારને અત્રેની જાણ હેઠળ માહિતી પૂરી પાડવા જણાવવામાં આવે છે.

ઈન્કવાયરી સંપન્ન થયેલ ન હોય ઈન્કવાયરી રીપોર્ટનું અસ્તિત્વ ન હોય તે સ્વાભાવિક છે તે સંજોગોમાં જાહેર માહિતી અધિકારીનો તે અંગેનો પ્રત્યુત્તર બહાલ રાખવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોન.....જાણ તથા અમલ માટે
(૨) શ્રી નિખિલભાઈ બાબુભાઈ પટેલ,